# Virtual Summit between Prime Minister Narendra Modi and Prime Minister Scott Morrison of Australia on 4th June 2020

June 03, 2020

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઓસ્ટ્રેલિયાનાં વડાપ્રધાન સ્કોટ મોરિસન વચ્ચે 4 જૂન 2020 નાં રોજ વર્ચ્યુઅલ શિખર સંમેલન

જૂન 03, 2020

1. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી 4 જૂન, 2020 નાં રોજ ઓસ્ટ્રેલિયાનાં વડાપ્રધાન શ્રી સ્કોટ મોરિસન સાથે ભારત-ઓસ્ટ્રેલિયા વર્ચ્યુઅલ શિખર સંમેલન યોજશે. આ વર્ષે ઓસ્ટ્રેલિયાનાં વડાપ્રધાન સ્કોટ મોરિસનની મુલાકાતની તારીખો નક્કી કરવામાં આવી હતી, પરંતુ તે થઇ શકી ન હતી. "વર્ચ્યુઅલ શિખર સંમેલન" યોજવા પણ સંમતિ થઇ હતી. આ પ્રથમ અવસર છે જેમાં વડાપ્રધાન મોદી "દ્વિપક્ષીય વર્ચ્યુઅલ શિખર સંમેલન" યોજશે, જે ઓસ્ટ્રેલિયા સાથેનાં જોડાણોનાં મજબૂતીકરણ અને તેનો ઉત્થાન માર્ગને નોંધપાત્ર રીતે વ્યક્ત કરે છે.

2. બન્ને નેતાઓએ અગાઉ 6 એપ્રિલ 2020 નાં રોજ ટેલીફોન પર વાતચીત કરી હતી, જેમાં તેઓએ એકબીજાનાં દેશોમાં ફસાયેલા નાગરિકો માટે સુવિધાઓ અને સહાયતા સહિત પ્રવર્તમાન કોવિડ-19 અંગે ચર્ચા કરી હતી. ત્યાં ભારતીય સમુદાય રહે છે, જેણે બન્ને દેશો વચ્ચેનાં જોડાણોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.ટેલીફોન પરની વાતચીત દરમિયાન, વડાપ્રધાન સ્કોટ મોરિસને ભારતીય વિદ્યાર્થીઓ સહિત ભારતીય સમુદાય વિશે વાત કરતા તેઓને ઓસ્ટ્રેલિયન સમાજનો જીવંત હિસ્સો જણાવ્યો હતો.

3. ભારત અને ઓસ્ટ્રેલિયા ખુબ જ હૂંફાળા અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે, જે વિસ્તરી રહ્યા છે અને સતત વૃદ્ધિ પામી રહ્યા છે.

4. બન્ને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી 2014 માં વધારે મજબૂત થઇ હતી - સપ્ટેમ્બર 2014 માં વડાપ્રધાન ટોની એબોટ્ટની ભારતની મુલાકાત, અને નવેમ્બર 2014 માં વડાપ્રધાન મોદીની ઓસ્ટ્રેલિયાની મુલાકાત સાથે. વડાપ્રધાન મોદીની ઓસ્ટ્રેલિયાની મુલાકાત દરમિયાન નવેમ્બર 2014 માં ઓસ્ટ્રેલિયા અને ભારત વચ્ચે સુરક્ષા સહકાર માટેનાં ફ્રેમવર્ક પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જેણે બન્ને દેશો વચ્ચે વિદેશ, સંરક્ષણ અને સુરક્ષા નીતિનાં આદાન-પ્રદાનો તીવ્ર બનાવવા માટેનો પાયો નાંખ્યો હતો. ત્યારથી, સંસ્થાગત સંવાદોની નિયમિત બેઠકો કરવામાં આવી રહી છે.

5. ઉચ્ચ-સ્તરીય આદાન-પ્રદાનો પણ ચાલું રહ્યા છે. વડાપ્રધાન માલ્કમ ટર્નબુલ એપ્રિલ 2017 માં ભારતની મુલાકાત પર આવ્યા હતા; ઓસ્ટ્રેલિયાનાં ગવર્નર જનરલ ઇન્ટરનેશનલ સોલર એલાયન્સનાં પ્રથમ શિખર સંમેલનમાં હાજરી આપવા માર્ચ 2018 માં ભારતની મુલાકાતે આવ્યા હતા અને રાષ્ટ્રપતિજીએ નવેમ્બર 2018

માં ઓસ્ટ્રેલિયાની ઐતિહાસિક મુલાકાત લીધી હતી. વડાપ્રધાન મોદી અને વડાપ્રધાન મોરિસન છેલ્લા દોઢ વર્ષમાં ચાર વખત મળ્યા છે - સિંગાપોરમાં EAS નાં અવકાશમાં (14 નવેમ્બર 2018), ઓસાકામાં જી-20 નાં અવકાશમાં (29 જૂન 2019), બિયારિટ્ઝમાં જી-7 શિખર સંમેલનનાં અવકાશમાં (25 ઓગસ્ટ 2019) અને બેંગકોકમાં EAS નાં અવકાશમાં (04 નવેમ્બર 2019).

6. આર્થિક જોડાણ વધી રહ્યું છે. 2018-19 માં, બન્ને દેશો વચ્ચેનો વ્યાપાર આશરે 21 અબજ યુએસ ડોલર રહ્યો હતો. ભારતમાં ઓસ્ટ્રેલિયાનું સંયુક્ત રોકાણ આશરે 10.74 અબજ યુએસ ડોલર છે જ્યારે ઓસ્ટ્રેલિયામાં ભારતનું કુલ રોકાણ 10.45 અબજ યુએસ ડોલર છે. ઓસ્ટ્રેલિયન સુપર પેન્શન ફંડ દ્વારા ભારતનાં નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાં 1 અબજ યુએસ ડોલરનું રોકાણ કરવામાં આવ્યું છે. બન્ને દેશો એકબીજા સાથે રોકાણો અને વ્યાપાર વધારી રહ્યા છે.

7. બે લોકશાહી રાષ્ટ્રો તરીકે, ભારત અને ઓસ્ટ્રેલિયાએ પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર એકબીજાનાં દ્રષ્ટિકોણોની સમજણ વિકસાવી છે. આપણે મૂક્ત, ખુલ્લા, સમાવેશક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિક માટેનો સંયુક્ત અભિગમ ધરાવીએ છીએ.

8. ઓસ્ટ્રેલિયાએ ભારતની ISA, CDRI અને ઈન્ડો-પેસિફિક ઓશન્સ ઈનિશિએટિવ (IPOI) જેવી વૈશ્વિક પહેલને સમર્થન આપ્યું છે. ઓસ્ટ્રેલિયા વિસ્તૃત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) નાં ભારતનાં સભ્યપદને સમર્થન આપે છે. તાજેતરનાં ભૂતકાળમાં, ઓસ્ટ્રેલિયા ગ્રુપ, અને વાસેનાર એરેન્જમેન્ટ માટે આપણા સભ્યપદને સમર્થન આપ્યું હતું અને NSG ની ભારતનાં સભ્યપદની તરફેણ કરે છે.

9. આ વર્ચ્યુઅલ શિખર સંમેલન બન્ને નેતાઓ માટે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વૃદ્ધિ પામી રહેલા જોડાણોનાં સંદર્ભમાં સંબંધનાં બહોળા ફ્રેમવર્કની સમીક્ષા કરવાની અને કોવિડ-19 મહામારી પર તેઓનાં સંબંધિત પ્રતિભાવોની ચર્ચા કરવાની તક આપશે.

**નવી દિલ્હી**
**જૂન 03, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.